**<u>ખાવડા સ્ટે.ડાયરી.નં.૧૨/૨૦૨૫ ના કામે અરજદાર જુબેર હાજી ઈબ્રાહીમ ચાકી, રહેવાસી: ચાકી ફળીયુ, તા: ભુજ–કચ્છનાઓની મુદામાલ અરજી તળે હુકમ.</u>**

૧. ઉપરોકત નામવાળા અરજદારે હાલની આ અરજી કરી ઉપરોકત ગુના કામે કબ્જે લેવામાં આવેલ **મુદામાલ તાંબાના ટુકડા તથા તાંબાના વાયર** વાળા પરત મેળવવા માટે હાલની આ અરજી કરેલ છે.

૨. અરજદારની અરજી તળે તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય મંગાવવામાં આવતાં તેઓએ આ કામે તેઓનો નકરાત્મક અભિપ્રાય રજુ કરેલ છે અને જણાવેલ છે કે, આ કામે ભંગારના વાડા વાળા ઈસમ જુબેર ઈબ્રાહીમ ચાકી નાઓએ સદર તાંબાના ટુકડા તેમજ તાંબાના વાયરો અંગે કોઈ આધાર પુરાવા રજુ કરેલ ન હોય તેઓ સદરહુ મુદામાલ ચોરી કે છળકપટથી મેળવેલ હોવાનું જણાતું હોય સદર મુદામાલ અરજદારને પરત નહી સોંપવા અભિપ્રાય આપેલ છે તેમજ અભિપ્રાય સાથે પંચનામું તથા મુદામાલ પાવતી રજુ કરેલ છે.

૩. અરજદારની અરજીની મુખ્ય રજુઆત જોવામાં આવે તો તેમની મુખ્ય રજુઆત એવી છે કે, આ મુદામાલ ઉપરોકત ગુના કામે કબ્જે લેવામાં આવેલ છે અને હાલ પોલીસ સ્ટેશનમાં બિનવપરાશી પડેલ છે તેમજ કેસ ચાલતા લાં બો સમય નીકળી જાય તેમ હોય મુદામાલ પરત કરવા અરજ કરેલ છે.

૪. વિદવાન એ.પી.પી.શ્રી. એ હાલની અરજી તળે કરેલ શેરો વંચાણે લીધો.

૫. સૌ પ્રથમ જોઈએ તો, આ કામે અરજદારે મુદામાલ સંબંધે સોગંદનામું રજુ કરેલ છે અને જણાવેલ છે કે, આ કામે ખાવડા પો.સ્ટે. ડાયરી એન્ટ્રી નં. ૧૨/૨૦૨૫ તે બી.એન.એસ.એસ. ની કલમ ૩૫(૧) (ઈ) મુજબના કામની પોલીસ સ્ટે. ડાયરી એન્ટ્રીમાં નોંધાયેલ અને સદરહુ

મુદામાલ તાંબાના ટુકડા તેમજ તાંબાના વાયરો જે પોલીસેઆ ગુન્હા કામે અરજદાર પાસેથી કબ્જે કરેલ છે. જે મુદામાલ તેઓએ ઘરે ઘરે જઇ તેમજ અન્ય દુકાનવાળા પાસેથી તેમજ જુના મકાનમાંથી નીકળેલ તાંબાના ટુકડા તથા તાંબાના વયરો જે તેઓએ પૈસા આપીને જુનામાં ખરીદ કરેલ હોવાનું સોગંદ પર જણાવેલ છે. સદર તાંબાના વાયરો અને ટુકડાના બીલ સંબંધે અત્રની અદાલત દ્વારા પુછવામાં આવતાં અરજદારે જલારામ એન્ટરપ્રાઇઝનું ટેક્ષ ઇન્વોઇસ રજુ કરેલ છે જે જોતાં અરજદાર દ્વારા કોપર વાયર ની ખરીદી તા.૧૦/૧૧/૨૫ ના રોજ કરવામાં આવેલ હોવાનું જણાઇ આવે છે. વધુમાં આ કામે રેકર્ડ જોતાં આ કામે અરજદાર વિરુધ્ધ કોઇ ફરિયાદ થયેલ હોવાનું જણાઈ આવતું નથી. તે જ રીતે આજદીન સુધી મુદામાલની માલીકી સંબંધે કોઈ વાંધો લેવામાં આવેલ નથી કે કોઈ તકરાર લેવામાં આવેલ હોય તે સંદર્ભે પોલીસ દ્વારા તેઓનો અભિપ્રાય જણાવવામાં આવેલ નથી.

૬. આમ, પ્રથમદર્શનીય રીતે આ કામે કબ્જે લેવાયેલ મુદામાલ અરજદારના કબ્જા, ભોગવટા તેમજ માલિકીના હોય તેવું જણાઈ આવે છે અને અરજદારની આ રજુઆત ના માનવાને કોઈ કારણ નથી કે જો મુદામાલ લાંબો સમય સુધી બંધ પડી રહે તો અરજદારને નુકસાન થઈ શકે છે. આથી સદરહુ મુદામાલનો કબ્જો ચોકકસ શરતોને આધીન અરજદારને પરત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું અત્રેની અદાલતનું માનવું છે.

૭. આમ, અરજદારની અરજી, માલિકી અંગેનો પુરાવો ધ્યાને લેતાં મુદામાલ લાંબો સમય અને બીનઉપયોગી પડી રહેવાથી અરજદારને નુકસાન થાય તેમ હોય સદરહુ મુદામાલ પોલીસ સ્ટેશનમાં રાખવાનો કોઈ અર્થ રહેતો નથી અને યોગ્ય શરતોને આધિન મુદામાલ માલિકને પરત કરવો જોઈએ. આમ, આ અરજીની હકીકતો પક્ષકારોની રજુઆતો તથા માલીકી અંગેના પુરાવાઓ ધ્યાને રાખી ખાસ કરીને જયારે અરજીમા જણાવેલ મુદામાલ બાબતે આજદિન સુધી અરજદાર વિરુધ્ધ સદરહુ મુદામાલનો કબ્જો ગેરકાયદેસરનો હોવા બાબતેની કોઇ ફરિયાદ થયેલ ન હોય તેમજ સદરહુ મુદામાલની માલીકી બાબતે કોઇ તકરાર ઉભી થયેલ ન હોય તે સંજોગામાં

યોગ્ય શરતો મુકીને મુદામાલ અરજદારને પરત સોંપવાનો હુકમ કરવાનું અત્રેની અદાલતને વાજબી તેમજ ન્યાયોચિત જણાઈ આવે છે. આથી સી.આર.પી.સી. કલમ ૪૫૭ મુજબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

૧. અરજદારની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. ખાવડા સ્ટે.ડાયરી.નં.૧૨/૨૦૨૫ ના કામે કબ્જે લેવામાં આવેલ **મુદામાલ તાંબાના ટુકડા તથા તાંબાના વાયર** વાળો મુદામાલ પાવતીમાં જણાવેલ રકમથી બમણી રકમના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચે જણાવેલ શરતોને આધીન અરજદારની કસ્ટડીમાં સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

## :: શરતો::

૧ સંબંધીત તપાસ કરનાર અમલદારે મુદામાલની ઓળખ સુદર્ભે અરજદારને ખર્ચે મુદામાલના રંગીન ફોટા પડાવી તેમજ મુદામાલ પરત સોંપ્યાનું અને સદર મુદામાલની જરુર પડયે પુરાવામાં સ્પષ્ટ રીતે ઓળખ પ્રસ્થાપિત થાય તે રીતે વિગતવારનું પંચનામું કરી મુદામાલ અરજદારને તેઓના નામ, સરનામા, માલિકી અને ઓળખની ખરાઈ કરીને પરત સોંપવો.

૨ સદર મુદામાલ પર ભવિષ્યમાં કયારેય પણ અન્ય કોઈ વ્યકિત કલેઈમ કરે અને પોતાનો હકક/હિત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર મુદામાલ અત્રેની અદાલતમાં રજુ કરવાનો રહેશે અને સદરહુ બાબતેનું અન્ડરટેકીંગ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખવું.

ઉપરોકત મુદામાલ સંબંધીત પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલ હોય તપાસ કરનાર અમલદારે ઉપરોકત શરતોને આધિન મુદામાલ પંચનામાની વિગતે પરત કરવો અને મુદામાલ પરત કર્યેથી બોન્ડ, પંચનામું વિગેરે અત્રેની અદાલતમાં રજુ કરવા.

આ હુકમની એક નકલ સંબંધીત પોલીસ સ્ટેશનને જાણ થવા મોકલવી.

હુકમ આજરોજ તા: ૦૭ માહે: મે સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા: ૦૭/૦૫/૨૦૨૬
ભુજ–કચ્છ.

(બી.એન.ત્રિવેદી)
અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ(ફ.ક)
ભુજ–કચ્છ.
જી.જે.૦૧૭૬૩